**ક્રિમીનલ કેસ નં. : 278/2026.**

(૧) આરોપી વિરૂદ્ધ જી.પી.એકટ–૧૩૫ મુજબના ગુનાઓનો આરોપ મૂકવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતાં આરોપી વિરૂદ્ધ કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવામાં આવેલ. આરોપીને સમન્સ બજતાં, આરોપી કોર્ટમાં હાજર થતાં, આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજૂ કરતાં તેમની સામેના ગુનાનુ તહોમતનામુ વાંચી સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે.

(૩) આરોપી તેઓની ગુના કબુલાત પુરસીસ આજરોજ આપી જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના અને અમો બાળ બચ્ચાંવાળા છીએ, અમારા ઉપર કુટુંબની સંપૂર્ણ જવાબદારી છે. અમારી આ પ્રથમ ભૂલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો ઉપર દયા કરવા આપ નામદાર કોર્ટને વિનંતી કરીએ છે.

(૪) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત હકીકતે આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ "ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી"ના કેસમાં (જી.એલ.આર. ૨૦૦૫(૧), પાના નં.૭૦૯) આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જાણતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(અ) આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ જી.પી.એકટ–૧૩૫ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને ઉપરોકત મુજબના ગુના સબબ જી.પી.એકટ–૧૩૫ ના રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(બ) મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસારની કાર્યવાહી કરી નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪[મી] માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**દેવિન્દ્રકુમાર અશોકકુમાર રાવલ**
CODE No. GJ 01095
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઊંઝા.

---

દંડ રૂ............. અંકે રૂપિયા.................. પુરા પાવતી નં.......... ઉપર વસુલ આવેલ છે.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.

નાઝર
મુખ્ય સિનીયર સિવિલ કોર્ટ, ઊંઝા.